# કોરોના કેસના સાચા આંકડા કેમ છુપાવાય છે..?

**છેલ્લા અઠવાડિયાથી શહેરમાં કોરોનાનું સંક્રમણ ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યુ છે : સમાજને સાચી સ્થિતિથી અવગત કરાય તો સંક્રમણને નાથવા માટેની આચારસંહિતાનું અનુપાલન આપોઆપ શિસ્તબદ્ધ રીતે થશે**

**સમયસર**

ગાંધીનગર, તા. ૨

ભલે સરકારીતંત્ર માને કે ના માને પણ ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યુ છે. રોજેરોજ મહાનગરપાલિકા કે જિલ્લા પંચાયત સંક્રમણના આંકડા જાહેર કરે છે એ સાવચેતીપૂર્વક ખોટા જાહેર કરાય છે. છેલ્લા પંદર દિવસથી જે કાંઈ આંકડા જાહેર થાય છે એનાથી બે કે અઢી ગણા કેસ આઈસીએમઆરના પોર્ટલ પર નોંધાય છે. અરે સિવિલ હોસ્પિટલ કે આશ્કા હોસ્પિટલ કે સ્વામિનારાયણ હોસ્પિટલના કોવિડ વોર્ડની સંખ્યા જોઈએ તો પણ સાચી પરિસ્થિતિનો અંદાજ આવી શકે છે. શહેરના ફીઝીશીયન, ખાનગી લેબોરેટરીઓ અને અર્બન હેલ્થ સેન્ટરમાં કરાતા રેપીડ ટેસ્ટના આંકડા વાસ્તવિક સ્થિતિ બતાવે છે. સેક્ટર-૨૧માં હંગામી ધોરણે ઉભા કરાયેલા રેપીટ ટેસ્ટ સેન્ટરમાં છેલ્લા ત્રણ દિવસમાં અઢીસોથી ત્રણસો ટેસ્ટ થયા છે. જેમાંથી ૪૦ થી ૪૫ કેસ પોઝીટીવ આવ્યા છે. આ આંકડા કોઈ ચા ની લારી પરની ચર્ચાના નથી. આ નક્કર વાસ્તવિકતા છે.

હવે પ્રશ્ન એ છે કે તો સરકાર સાચી પરિસ્થિતિથી બધાને વાકેફ કરવાનુ કેમ ટાળે છે. કેમ પારદર્શક નથી. સાચી પરિસ્થિતિ પ્રજા સમક્ષ મુકાય તો પ્રજા કોરોના સંદર્ભે ગંભીર બને અને માસ્ક અને સોશીયલ ડીસ્ટન્સીંગ જેવી આચારસંહિતાનું કડકાઈથી અમલ થાય. સમાજમાં ભય ન પ્રસરે, નાગરિકો ગભરાઈ ન જાય એ માટે આંકડાઓ ખોટા જાહેર કરવાથી બેફીકરાઈ અને બેદરકારી દિવસે દિવસે વધતી જાય છે જેના પરિણામે પરિવારોના પરિવારો કોરોના સંક્રમિત થઈ રહ્યા છે. જેનાથી સમાજના દરેક ક્ષેત્ર પર તેની સીધી અસર દેખાય છે. આજે ભલે આંકડા ઓછા બતાવીને જનજીવન રાબેતા મજુબ છે અને ધંધા રોજગાર ધમધમી રહ્યા છે એ ચોક્કસ બતાવી શકાશે પરંતુ પ્રજાની આરોગ્યલક્ષી ચિંતા વધી રહી છે અને લાંબા ગાળે તેની અસર ધબકતા ધંધા રોજગાર અને જનજીવન પર પડશે પડશે અને પડશે જ..!

આજે નિર્ણાયક સ્થિતિ પર ગાંધીનગર શહેર ઉભુ છે. એક તરફ વિકાસનું લક્ષ્ય છે, કોરાનાનુ ગ્રહણ છે. સમાજમાં ભય અને બેદરકારી સમાંતરે ચાલે છે ત્યારે તંત્રનો ધર્મ છે કે સાચી દિશા સમાજને બતાવે સરકારીતંત્રના જ આંકડાઓનો આધાર લઈએ તો એપ્રિલથી ઓગષ્ટ સુધીના કેસો અને સપ્ટેમ્બરમાં વધેલા કેસોને જો તુલનાત્મક અભ્યાસ થાય તો સૌની આંખો ખુલે એમ છે. કુલ કેસના ૪૦ ટકા કેસ માત્ર સપ્ટેમ્બરમાં નોંધાયા છે અને એટલા જ માટે આગ્રહપૂર્વક વહીવટીતંત્રને કહેવા માંગીએ છીએ કે સાચી સ્થિતિથી સમાજને અવગત કરી કોરોનાના સંક્રમણને નાથવા માટેની આચારસંહિતાનું કડકાઈથી અનુપાલન થાય તેવી સ્થિતિ પુનઃ નિર્માણ થવી જોઈએ. નહી તો ખૂબ જ મોડુ થશે અને સ્થિતિ હાથમાંથી સરકી જશે.

# કોરોના કાળમાં 'સલામત સવારી'માં ઘટાડો

**શહેરના ડેપોમાં મુસાફરોની સંખ્યામાં ૧૨ હજારનો ઘટાડો : ડેપોની આવકમાં ૫૦ ટકાનો ઘટાડો : કોરોનાના સંક્રમણને ધ્યાને લઇ બસમાં નિયત સંખ્યામાં જ મુસાફરોને બેઠક અપાય છે : પ્રતિદિન થતી આવકમાં ૨.૫૦ લાખનો ઘટાડો : અગાઉ રોજ ૨૫ હજાર ડેપો સલામત સવારીનો લાભ લેતા હતા**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. કોરોના કાળમાં પ્રતિદિન સલામત સવારીમાં ૧૨ હજાર જેટલા મુસાફરો એસ ટી સેવાનો લાભ લે છે. જયારે અગાઉ પ્રતિદિન ૨૫ હજાર મુસાફરો સલામત સવારીમાં અપડાઉ કે મુસાફરી કરતા હતા કોરોનાના વધતા સંક્રમણના લીધે એસ ટી બસમાં પણ નિયત સંખ્યામાં જ મુસાફરોને સ્થાન આપવામાં આવે છે. ત્યારે ડેપો દ્વારા આડા દિવસોમાં રૂટમાં દોડાવાતી બધી જ ટ્રીપો પણ શરૂ કરી દીધી છે. આમછતા ડેપોને થતી આવકમાં પણ પ્રતિદિન ૨.૫૦ લાખનો ઘટડો થયો છે.

કોરોના કાળમાં પ્રારંભિક તબક્કે લોકડાઉન દરમિયાન એસ ટી બસના પૈડા થંભી ગયા હતા સમગ્ર દેશમાં જડબેસલાક લોકડાઉન હોવાથી એસ ટી બસ સહીતનો વાહન વ્યવ્હાર પણ ઠપ્પ થઈ ગયો હતો જયારે સતત અઢી મહીના સુધી સલામત સવારી માર્ગો પર દોડતી જોવા મળી ન હતી. જયારે લોકડાઉનમાં છુટછાટના અંતે પ્રારંભિક તબક્કે ગાંધીનગર ડેપો દ્વારા પોઈન્ટની બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જયારે તબક્કાવાર બહારગામના રૂટોની બસો તેમજ અન્ય બસો પણ શરૂ કરવામા આવી હતી ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા પણ આખરે શરૂ કરી દેવામાં આવ્યા બાદ સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્કના ઉપયોગ સાથે મુસાફરોને એસ ટી ની સલામત સવારી નસીબ થવાનુ શરૂ થયુ હતુ. જો કે બસમાં મુસાફરો ઉભા ન રાખવા તેમજ બસમાં માત્ર ૩૦ જ મુસાફરોને બેસાડવાની ગાઈડલાઈન સાથે હાલમાં પણ એસ ટી બસો દોડી રહી છે. હાલની સ્થિતિએ ગાંધીનગર ડેપોથી તમામ રૂટોની બસ સેવા શરૂ કરી દેવામા આવી છે. ગત મહીના દરમિયાન ડેપો દ્વારા વિવિધ રૂટમાં દોડતી વોલ્વો બસ પણ શરૂ કરી દેવામા આવી છે. જો કે હજુ એસ ટી બસમાં અગાઉની જેમ ટ્રાફિક જોવા મળતો નથી નાગરિકો કોરોના સંક્રમણથી બચવા માટે ખાનગી કે પોતાના વાહનોમાં જવાનુ વધુ પસંદ કરે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે પણ શહેરી બસ સેવાની તમામ ટ્રીપો દોડી રહી છે. જો કે મુસાફરો નિયત સંખ્યામાં જ લેવાના હોવાથી અગાઉ જેટલી જ ટ્રીપોનુ સંચાલન થતુ હોવાથી આવકનો ટ્રીપોની સામે આવકનો આંકડો નોંધપાત્ર ઘટયો છે. શહેરી બસ સેવા અન્વયે ૧૦૦ જેટલી બસો દોડે છે. પ્રતિદિન અંદાજિત ૭૫૦ જેટલી ટ્રીપોનુ સંચાલન પણ એસ ટી ડેપો દ્વારા કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત આસપાસના ગામોની તેમજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર, બરોડા, સુરત સહીત બહારગામના રૂટોની બસો પણ ડેપોથી ઉપડે છે. જેમાં વોલ્વો બસનો પણ સમાવેશ થાય છે. અગાઉ પ્રતિદિન ગાંધીનગર ડેપોથી અપડાઉન કર્તાઓ સહીત વિવિધ રૂટ માટેના મુસાફરો સહીત અંદાજિત ૨૫ હજાર જેટલા મુસાફરો સલામત સવારીમાં સવાર થતા હતા જયારે હાલ કોરોના ઈફેકટના લીધે આ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

હાલની સ્થિતિએ માત્ર ૧૦ થી ૧૨ હજાર મુસાફરો જ બસ સેવાનો લાભ લે છે. જયારે રજાના દિવસોમાં બસ સેવાના રૂટો ઓછા કરી દેવામાં આવે છે.

આ ઉપરાંત શહેરી બસ સેવાના રૂટોમાં પણ ૨૦ ટકાનો ઘટાડો કરાયો છે. પરંતુ ગાંધીનગર ડેપો દ્વારા મુસાફરોને સલામત સવારી નસીબ થાય તે માટે મોટાભાગની બસ સેવા કાર્યરત છે. પરંતુ એક બસમાં માત્ર ૩૦ ટકા જ મુસાફરો બેસાડવાના હોવાથી ડેપોએ અગાઉ જેટલી જ ટ્રીપોનુ આયોજન કરવુ પડે છે. પરંતુ સામે આવકમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. ગાંધીનગર ડેપોને કોરાનાકાળ પુર્વે પ્રતિદિન રૂ ૫ લાખની આવક થતી હતી. જયારે હાલની સ્થિતિએ રોજ ૨ થી ૨.૨૫ લાખ સુધીની રોકડ એસ ટી ડેપોને આવક સ્વરૂપે મળે છે. જે અગાઉની સાપેક્ષમાં ૫૦ ટકા જેટલી ઓછી છે. સલામત સવારી સુરક્ષિત હોવા છતા ઘણાં ખરા મુસાફરો એસ ટી બસમાં મુસાફરી કરવાનુ ટાળી રહ્યા છે.



ગાંધીજયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું ઠેર ઠેર આયોજન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલે સેક્ટર-૨૧માં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવી સૌને સ્વચ્છતા જાળવવાના શપથ લેવડાવ્યા હતા.

# સે-૧૭ અને ૧૯માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧

શહેરના સેકટરોમાં સ્થિત આંતરિક માર્ગોની દશા ખરાબ છે. વરસાદી દિવસોના અંતે મોટાભાગના માર્ગોની સરફેસ ખરબચડી થઈ છે. જયારે વરસાદી પાણીના નિકાલની લાઈનના ખોદકામના લીધે ખરબચડા માર્ગો પર માટીના થર જામી ગયા છે. વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. આવા સંજોગોમાં હવે તબક્કવાર સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે. સે-૧૭ અને સે-૧૯ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં જી-બાઈકની સાથે ઈ-બાઈક દોડતા કરવા ચક્રો ગતિમાન

**પર્યાવરણની સુરક્ષા માટે ઇલેકટ્રીક બાઇકનો પ્રોજેક્ટ સ્માર્ટ સિટી હેઠળ હાથ ધરાશે : મેયર**

ગાંધીનગર:

ગાંધીનગર શહેરની હરિયાળી અને પર્યાવરણની તંદુરસ્તી જગજાહેર છે. હવે પર્યાવરણની સુરક્ષાની સાથે લોકોને પરવડે તેવા ભાડાથી નગરભરમાં ૬૦૦ જેટલા સીંગલ રાઈડર ઈલેક્ટ્રીક બાઈક દોડતા કરવાની યોજના સ્માર્ટ સિટી અંતર્ગત હાથ ધરવામાં આવી છે. રૂપિયા ૧૫ કરોડના અંદાજીત ખર્ચની આ યોજના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી દેવામાં આવી છે અને મોડામાં મોડું જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં નગરમાં ઈ બાઈક દોડતા કરી દેવામાં આવશે. મેયરશ્રી રીટાબેન પટેલે શહેરના નાગરિકો અને શહેરના પર્યાવરણ માટે અત્યંત મહત્વની આ યોજના સંબંધમાં જણાવ્યું કે યોજના અંતર્ગત ગાંધીનગરમાં નવા ભળેલા વિસ્તાર સહિત ૩૦ નાના અને ૩૦ મોટા સ્ટેન્ડ ઉભા કરવામાં આવશે. ત્યાંથી ઈલેકટ્રીક બાઈક અને સાઈકલ પણ મળી શકશે.

સ્માર્ટ સિટી અંતર્ગત મળનારી આ સુવિધા સંબંધમાં માળખાકીય સુવિધા માટે કુલ ખર્ચમાંથી ૨ કરોડ જેટલો ખર્ચ મહાનગર પાલિકા કરશે. જ્યારે બાકીનો ૧૩ કરોડ જેટલો ખર્ચ ટેન્ડર મેળવનાર કંપની દ્વારા ભોગવવામાં આવશે. ઈ બાઈકનું કલાક કે દિવસ પ્રમાણેનું ભાડું કોન્ટ્રાક્ટર દ્વારા નક્કી કરવામાં આવશે, પરંતુ તેને આખરી મંજુરી મહાનગર પાલિકા આપશે. કુલ ૬૦ સ્ટેન્ડ પર ઈ બાઈક અને જી બાઈક મળીને ૯૦૦ વ્હિકલ ઉપલબ્ધ કરાવવાની યોજનામાં ઓછામાં ઓછા ૬૦ ટકાથી લઈને વધુમાં વધુ ૮૦ ટકા જેટલા ઈ બાઈક મુકવામાં આવનાર છે. આ યોજના અંતર્ગત થનારી ભાડાની આવક અને ઈ બાઈક તથા જી બાઈક પર જાહેરાત મુકીને થનારી આવક પ્રથમ ૩ વર્ષ માટે કોન્ટ્રાક્ટરને મળશે.

## ગ્રીન ગાંધીનગર કોન્સેપ્ટને વેગ મળશે : રીટા પટેલ

મોટી સંખ્યામાં ઈલેકટ્રીક બાઈક અને સાઈકલ ફરતા થવાથી ગ્રીન ગાંધીનગરના કોન્સેપ્ટને વધુ વેગ મળશે, તેમ કહેતા મેયરશ્રી રીટાબેન પટેલે કહ્યું કે મહાપાલિકાનો ઈરાદો આ યોજનામાં આવક મેળવવાનો નથી પરંતુ શહેરમાં પ્રદુષણ રોકવાનો છે.

# શહેરમાં વધુ ૨૦ સંક્રમિત થયા

**શહેરમાં આજે સે. ૨૬ માંથી, પાલજમાંથી, સે. ૨૧માંથી, સે. ૧૯ માંથી અને સે. ૮ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૨૩, ૨૯, ૨૭, ૩૦, જીઈબી, સે. ૨૨, ૩, ૪ અને સે. ૨૪ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૦ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૩૫૨ પર પહોંચી છે.

શહેરમાં આજે લગભગ તમામ વિસ્તારોમાંથી કોરોનાના કેસ મળ્યા છે પરંતુ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કોરોનાની રિકવરી રેટ ૭૦ ટકાથી વધુ હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેરમાં રાજભવનમાં પણ ફરીવાર કોરોનાએ હાજરી પુરાવતાં તંત્રની ચિંતા વધી જરૂર છે. સે. ૧૯ જે વીઆઈપી વિસ્તાર ગણાય છે ત્યાંથી આજે બે કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૮ માંથી પણ આજે બે કેસ મળી આવતાં તેમજ સે. ૨૨, સે. ૩૦, સે. ૨૬ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બનેલુ વધારે જણાય છે.

શહેરમાં આજે સે. ૨૬ માંથી, પાલજમાંથી, સે. ૨૧માંથી, સે. ૧૯ માંથી અને સે. ૮ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૨૩, ૨૯, ૨૭, ૩૦, જીઈબી, સે. ૨૨, ૩, ૪ અને સે. ૨૪ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રએ તેની અપીલને દોહરાવતાં જણાવ્યુ છે કે મોટીવય ધરાવતા લોકો અને બાળકો અનિવાર્ય ના હોય તો બહાર નીકળવાનું ટાળે તે અત્યંત જરૂરી છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલ સે. ૨માં આજે સુરેન્દ્રનગર ખાતે શિક્ષિકા તરીકે ફરજો બજાવતી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૩માં રહેતા અને રાંધેજા ખાતે ધંધો કરતા ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૯માં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમનો સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત નંદા ઓટોમોબાઈલમાં નોકરી કરતા ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માંથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પાલજ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. પાલજમાં વધતા જતા કેસોની સંખ્યાને લઈ તંત્ર સતર્ક બન્યુ છે. પાલજમાંથી આજે દરેક ૪૨ વર્ષીય ખેડૂત તેમજ ૪૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧માંથી આજે એક વેપારી દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૬૩ વર્ષીય વેપારી અને ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ દંપત્તિએ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ

**ગાંધીનગરમાં ૫, કલોલમાં ૭ કેસ તો દહેગામમાં ૧ અને માણસામાં ૩ કેસ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન કલોલના યુવાનનું મોત થયુ છે.

ગ્રામીણ વિસ્તારમાં પુનઃ કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગરમાં આજે પાંચ કેસ, દહેગામમાં ૧ કેસ, માણસામાં ૩ કેસ અને કલોલમાં ૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી ખાનગી નોકરી કરતી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રાંદેસણ ગામેથી પણ ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશન ખાતે કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. આજે ૨૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અહિ કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધવા પામી છે.

જમિયતપુરા ગામેથી ૪૧ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત તારાપુર ગામેથી પણ ૫૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને ખેડૂતોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી પણ ખાનગી નોકરી કરતા ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

માણસા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી ૩ કેસ નોંધાયા છે.

માણસાના પડુસ્મા ગામેથી ૪૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો પુંધરા ગામેથી ૬૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

માણસા અર્બનમાંથી વય મર્યાદાને લઈ નિવૃત્ત થયેલા તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કલોલ તાલુકાના બાલવા ગામેથી એક જ દિવસમાં ૪ કેસ નોંધાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. બાલવા ગામેથી સરકારી નોકરી કરતા ૩૦ વર્ષીય યુવાન, નિવૃત્ત કર્મયોગી ૬૦ વર્ષીય, ૧૯ વર્ષીય વિદ્યાર્થી તેમજ ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કલોલ તાલુકાના ચાંદીસણા ગામેથી પણ ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે વેપારીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૫૭ વર્ષીય વેપારી અને ૮૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં પુનઃ કોરોનાએ તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવતાં તંત્રની ચિંતા વધવા પામી છે. નવા નવા ગ્રામ્ય વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ તેની સતર્કતા વધારી અને સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯૪૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૪૮ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૮૫૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ
ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઇ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

જમીન વેચાણથી આપવાની છે
ગાંધીનગરના પ્રીમીયમ લોકેશનમાં
એન.એ. ટાઈટલ ક્લીયર જમીન
3 સાઈડ ખુલ્લી જગ્યા
સ્કીમ લાયક 13650 વાર જમીન
FINAL TP : 8 ગાંધીનગર
MO : 98252 21566
99250 32618 / 99090 06921
સંપર્ક : 11 AM to 7 PM

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com